હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

કેજરીવાલમાંથી શીખીને આપણાં બહેન પાણી બચાવવા એકી, બેકી દિવસે નહાવું એવો કાયદો લાવે તો... કેટલું સારું...!!

શહેરમાં વધુ બે ઘરફોડ ચોરી

સે-૩૦ સર્વોદયનગરમાં બંધ મકાનનું તાળુ તોડી દાગીના અને રોકડની ઉઠાંતરી : સે-૨૦માં નિવૃત્ત ડીવાયએસપીના દિકરાનાં મકાનમાં ઘરફોડ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના સેકટર-૫-બી ખાતે દોઢ કલાકમાં દિનદહાડે થયેલી ઘરફોડ ચોરીની ફરિયાદની શાહી હજુ સુકાઈ નથી ત્યાં વધુ બે ઘરફોડ ચોરીઓ થઈ જવા પામી છે. રાત્રી દરમિયાન સેકટર-૩૦ સર્વોદયનગરના એક બંધ મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તોડી તેમાંથી દાગીના અને રોકડની ઉઠાંતરી તથા સે-૨૦માં એક નિવૃત્ત ડીવાયએસપીના દિકરાના મકાનમાંથી ઘરફોડ ચોરી થવા પામી છે. સે-૨૧ પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

સેકટર-૩૦ સર્વોદયનગર ખાતે મકાન નં. ૯૭ ખાતે રહેતા યોગેશભાઈ ઉર્ફે રોહીતભાઈ છોટાલાલ પટેલના બંધ મકાનને રાત્રી દરમિયાન તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. બંધ મકાનનું તાળુ તોડી અંદરથી સોના ચાંદીના દાગીના તથા રોકડ મળીને રૂ. ૮૬ હજારની કિંમતની મત્તા સાફ કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. યોગેશભાઈની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે ગુનો નોંધી પીએસઆઈ બી.જી. યાદવે તપાસ શરુ કરી છે તો બીજી તરફ સેકટર-૨૦ ખાતે એક નિવૃત્ત ડીવાયએસપીના દિકરાના મકાનનું તાળુ તોડીને અંદરથી માલમત્તાની ઉઠાંકરી કરી ઘરફોડીયા ફરાર થઈ ગયા હોવાની ઘટના પણ જાણવા મળી છે. જો કે મોડી સાંજ સુધી મકાન માલિકે પોલીસ ફરિયાદ નોંધાવી ન હતી.

છેડાલ પરગણા વણકર સમાજ દ્વારા તાજેતરમાં સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં ગુજરાતી ફિલ્મ અભિનેતા અને પૂર્વ ધારાસભ્ય નરેશભાઈ કનોડીયા, પૂર્વ ડેપ્યુટી મેયર દિનેશભાઈ મકવાણા અ.મ્યુ. કોર્પોરેશનના કાઉન્સિલર યશવંત યોગી સંસ્થાના પ્રમુખ નયન સોલંકી, ઉપપ્રમુખ મનીષભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા ચંદ્રકાન્તભાઈ જાદવ, દક્ષાબેન પરમાર, એમ.એલ. પરમાર, હરીશભાઈ તથા મણીલાલ પરમાર આ તમામ સભ્યોએ પોતાનું યોગદાન આપ્યું હતું.

હવે રેવન્યુ તલાટી પછી સિનિયર ક્લાર્કની લેખિત પરીક્ષા યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા લેવાનારી સિનિયર ક્લાર્કની સ્પર્ધાત્મક પરીક્ષા હવે તલાટીની પરીક્ષા પછી માર્ચ મહિનામાં લેવાશે. જોકે આ પરીક્ષા માટે મંડળે તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે.

રાજ્ય સરકારના વિવિધ વિભાગમાં મોટા પ્રમાણમાં અધિકારી કર્મચારીની નિવૃત્તિની સંખ્યા વધી રહી છે. બીજી તરફ સરકાર કેલેન્ડર વર્ષ મુજબની ભરતી કરવામાં અસફળ રહી છે. જેથી યોગ્ય રીતે નવી ભરતી થઈ શકતી નથી. રાજ્ય સરકારે મંડળને ટુંકા ગાળામાં મોટા પ્રમાણમાં પારદર્શક ભરતી કરવા આદેશો કર્યા છે. આથી મંડળે પણ કમર કસી છે અને એક પછી એક પરીક્ષાઓ યોજવા તૈયારીઓ શરૂ કરી છે.

હાલ રાજ્ય સરકારે રેવન્યુ તલાટીની પરીક્ષા ફેબ્રુઆરીમાં યોજવા વધારે ભાર મુકતા જાન્યુઆરીમાં લેવાનાર સિનિયર ક્લાર્કની લેખિત પરીક્ષા થોડા સમય પાછળ ધકેલવાનો નિર્ણય કર્યો છે. તેમ મંડળના સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. પરિણામે હવે રેવન્યુ તલાટીની પરીક્ષા બાદ જ સિનિયર ક્લાર્કની પરીક્ષા લેવાશે.

પેથાપુમાં ઘરમાં ઘુસીને ૧૭ વર્ષની કિશોરીનું અપહરણ

કોઈ શખ્સ દિકરીનું અપહરણ કરી ગયો હોવાની પિતાએ ફરિયાદ નોંધાવી

ગાંધીનગર, તા.૧૦

પેથાપુર ગામની એક સોસાયટીમાં ઘરમાં ઘુસીને ગઈ કાલે બપોરે એક વાગ્યે કોઈ યુવાન શખ્સ ૧૭ વર્ષની કિશોરીને ઉપાડ જઈ અપહરણ કરી ગયો હતો. આ બનાવ અંગે અપહ્યુત કિશોરીના પિતાએ પેથાપુર પોલીસ મથકમાં ફરિયાદ કરતાં પોલીસે ગુનો દાખલ કરીને સી.પી.આઈએ ઉંડી તપાસ શરૂ કરી છે.

પેથાપુર ગામની એક સોસાયટીમાં રહેતી ૧૭ વર્ષની કિશોરીને ગઈ કાલે બપોરે એક વાગ્યાના અરસામાં તેણીના ઘરમાં ઘુસીને એક અજાણ્યો યુવાન શખ્સ ઉપાડીને અપહરણ કરી ગયો હતો. કિશોરીના પિતાએ આ ઘટના અંગે પેથાપુર પોલીસ મથકમાં અજાણ્યા યુવાન સામે ફરિયાદ આપી છે. અપહ્યુત કિશોરીના પિતાએ આપેલી ફરિયાદને આધારે પેથાપુર પોલીસે અજાણ્યા યુવાન સામે અપહરણનો ગુનો દાખલ કરીને સર્કલ પી.આઈ. વાય.એમ. મિશ્રાએ તપાસનો દૌર શરૂ કર્યો છે. અપહરણકર્તા શખ્સ કોણ હતો? અને શા કારણથી અપહરણ કર્યું? તે સહિતની તપાસ હાથ ધરવામાં આવી છે.

ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લામાં ચાર નવી પ્રાથમિક શાળાઓ ભાટ, ટીંટોડા, અડાલજ અને રામપુર ખાતે બનાવવાની કવાયત હાથ ધરાઈ છે.

● ગાંધીનગર શહેર જિલ્લામાં દિવસની ગરમી અને રાત્રીના ઠંડીના માહોલથી લોકો બેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છે.

● ગાંધીનગરના પતંગ બજારમાં હજુ જોઈએ તેવી ઘરાકી જોવા મળતી નથી.

● ગાંધીનગર શહેરમાં આવેલા વિવિધ ઉદ્યાનોની મરામત અને નિભાવણી માટે તંત્ર દ્વારા અંદાજો તૈયાર કરવાની કવાયત હાથ ધરાઈ છે.

● ગાંધીનગર નજીક નિર્માણ પામેલ કોલવડાની મોડેલ આયુર્વેદ કોલેજ આગામી શૈક્ષણિક સત્રથી કાર્યરત થશે તેવા સંકેતો મળી રહ્યા છે.

● ગાંધીનગર જિલ્લાની પ્રા. શાળાઓનો જિલ્લા સ્તરીય રમતોત્સવ મંગળવારે કલોલ તાલુકાના ભાદોલ ગામે યોજાશે. તંત્ર દ્વારા આ અંગેની તૈયારીઓ ચાલી રહી છે.

ઓરાણ ગૃપ શાળામાં ત્રિવેણી કાર્યક્રમ યોજાયો

ચિલોડા, તા. ૧૦

ઓરાણ ગૃપ કેળવણી ટ્રસ્ટ સંચાલિત એમ.કે. ઓરાણ હાઈસ્કૂલ ખાતે નવીન પાણીની ટાંકી ''જલધારા''નું ઉદ્‌ઘાટન અને શાળાના નિવૃત્ત શિક્ષકનો નિવૃત્તિ સમારંભ તેમજ દાતાઓના ફોટાઓની અનાવરણવિધિનો કાર્યક્રમ પ્રમુખ જગદીશકુમાર શાહના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

આ કાર્યક્રમના પ્રારંભે શાળાના આચાર્ય ડૉ. કે.એન. રાઠોડે સ્વાગત પ્રવચન કર્યું હતું. બાદમાં મહાનુભાવો જગદીશકુમાર શાહ, સરાફહુસેન સૈયદ, ડૉ. નરસિંહભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ અંબાલાલ શાહની ઉપસ્થિતિમાં જલધારા પાણીની ટાંકીનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

ઉપરાંત શાળામાંથી નિવૃત્ત થતા શિક્ષક એમ.કે. પટેલનું સન્માનપત્ર પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યું હતું. અંતે શાળાના બાળકો અને નિવૃત્ત થતા શિક્ષકે પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા.

ભાજપ યુવા મોરચા દ્વારા બાઈક રેલી યોજાશે

ગાંધીનગર, તા.૧૦

ભારતીય જનતા યુવા મોરચા ગાંધીનગર દ્વારા સ્વામી વિનેકાનંદ જન્મ જયંત નિમિત્તે તા. ૧૨મી જાન્યુઆરીને મંગળવારવા રોજ સવારે ૮.૩૦ કલાકે સેકટર-૪ ઓમકારેશ્વર મહાદેવ ખાતેથી બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલીનું સેકટર-૧૨ સિવિલ હોસ્પિટલ ખાતે સમાપન કરવામાં આવશે. ભાજપ યુવા મોરચાના મહામંત્રી ધવલ દવેએ બાઈક રેલી વિશે અખબારી યાદીમાં જણાવ્યું છે.

શહેરમાં માર્ગ સલામતી સપ્તાહના પ્રારંભે બાઈક રેલી યોજાઈ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરમાં માર્ગ સલામતી સપ્તાહના પારંભે આજે શહેરની આરટીઓ કચેરી ખાતેથી સવારે ૧૦ કલાકે બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બાઈક રેલી આરટીઓ કચેરીથી નીકળીને શહેરના વિવિધ માર્ગો પર થઈને ઘ-૫ પહોંચી હતી જયા નગરના વાહનચાલકોને ગુલાબ આપી ટ્રાફીક નિયમનનું પાલન કરવા જણાવાયું હતું. ત્યારબાદ રેલી આરટીઓ કચેરી પરત ફરી હતી. રેલીમાં શહેરના યુવાનો બાઈક તેમજ ગાડી લઈને મોટીસંખ્યામાં જોડાયા હતા.

ગાંધીનગર શહેરમાં ટ્રાફીક નિયમનને નામે મીંડુ છે. શહેરીજનોની પૈડા પરની જીંદગી જોખમી બનતી જાય છે. શહેરના ચકાચક માર્ગો હોવાના કારણે માર્ગ વધારો નોંધાયો છે જેને પગલે વાહનચાલકોને નાની મોટી ઈજાઓ પહોંચે છે. અકસ્માતમાં મૃત્યું આંક ચિંતાજનક રીતે હોવાનું ધ્યાને આવતા માર્ગ સલામતી કેળવાય તે અનિવાર્ય બન્યું છે. શહેરમાં દર વર્ષે જાન્યુંઆરી માસમાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવેછે. નગરજનો ટ્રાફીક નિયમન અંગે જાગૃત બને તે માટે ૧૦ થી ૧૭ જાન્યુઆરી સપ્તાહના પ્રથમ દિવસે આજે આરટીઓ કચેરી ખાતેથી સવારે દસ કલાકે બાઈક તેમજ કાર રેલીનું ઉજવણીના ભાગરુપે વિવિધ કાર્યક્રમો યોજાશે. શહેરમાં સલામતી આયોજન કરાયું હતું. મોટીસંખ્યાં એકઠા થયેલા યુવાનો નગરના વિવિધ માર્ગ પર ફરીને ઘ-૫ પહોંચ્યા હતાં. જયા ઉભા રહીને એ આરટીઓ રુતવીજા દાણી, શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણભાઈ બુચ, વનશ્રી ટ્રસ્ટના અંજના નિમાવત, સહિત નગરના અગ્રણી આગેવાનો જોડાઈને વાહનચાલકોને ગુલાબ આપી ટ્રાફીકના નિયમન માટે સમજાવ્યા હતા. આગામી દિવસોમાં એસટી ડેપોના ડ્રાઈવરોની દ્રષ્ટી ચકાસણી કરવામાં આવશે તેમજ વાહનોની હેડલાઈટ પર પીળાપટ્ટા અને શાળાઓમાં જઈને વિદ્યાર્થીઓને વકત્વય આપી ટ્રાફીકના નિયમો અંગે માહિતગાર કરવામાં આવશે.

સે.૨૮ જી.આઈ.ડી.સીના વેપારીમિત્રોએ બાળકો તેમજ વૃધ્ધોને ભોજન આપી તૃપ્ત કર્યા

ગાંધીનગર, તા.૧૦

આજે ગાંધીનગર શહેરના સેકટર-૨૮ જી.આઈ.ડી.સી. સ્થિત એકતા લાઈન પ્લોટના વેપારીમિત્રો દ્વારા આજે જિલ્લાની વિવિધ સંસ્થાના બાળકો તેમજ વૃધ્ધો માટે ભોજન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં સેકટર-૧૬ અંધશાળાના વિદ્યાર્થીઓ દ્વારા સુંદર સાંસ્કૃતિ કાર્યક્રમ યોજયો હતો. આ કાર્યક્રમમાં વેપારીમિત્રોએ ૭૦૦ બાળકોને ભોજન કરાવી તૃપ્ત કર્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં વેપારીમિત્રો હાજર રહ્યા હતા.

ગાંધીનગર શહેરમાં સેકટર-૨૮ ખાતે આવેલ એન્જીનિયરીંગ જીઆઈડીસી માં આવેલ એકતા લાઈન પ્લોટમાં કાર્યરત ઉદ્યોગકારો દ્વારા આજે કૈલાસધામ વધ્ધાશ્રમ, આમ્રપાલી વૃધ્ધાશ્રમ, રાહેલબા વૃધ્ધાશ્રમ, ડભોડા ભિક્ષુક ગૃહ, સેકટર-૧૯ સ્પેશિયલ ચિલ્ડ્રન હોમ, હોસ્ટેલની દિકરીઓ શહેર તેમજ આસપાસના વિસ્તારોના સ્પેશિયલ ચાઈલ્ડસ બાળકો મળીને ૭૦૦ વ્યકિતઓને ભોજન પુરુ પાડ્યું હતું. આ પ્રસંગ સેકટર-૧૬ અંધશાળાના વિદ્યાર્થીઓએ પોતાની કળા દર્શાવીને સંગીત સાથે સુંદર મજાના ગીતો રજુ કરતા ઉપસ્થિત વેપારીઓએ તાળીઓના અવાજથી વધાવી લીધા હતા. આ પ્રસંગે એકતા લાઈનમાં ઉદ્યોગકારોને ત્યા નોકરી કરતા સ્ટાફે પણ ભોજન સમારોહ સેવા બજાવી હતી. આ પ્રસંગે એકતા લાઈનમાં કેપીટલ ઓફસેટના રમેશભાઈ પટેલ,જયંતિભાઈ પટેલ, શૈલેષભાઈ પટેલ, એન.પી.પટેલ, નાયડુભાઈ, ઉપેન્દ્ર પટેલ, મેહુલ પટેલ, દિનેશ પટેલ, રાજીવ શાહ સહિત મોટી સંખ્યામાં જીઆઈડીસીના વેપારીમિત્રો હાજર રહ્યા હતા.

પીંપળજ ખાતે ગ્રામ્ય અને કાનૂની શિબિર યોજાઈ

ચિલોડા, તા. ૧૦

ગાંધીનગર નજીક પીંપળજ ગામ ખાતે ગુજરાત કોલેજ અમદાવાદ દ્વારા આયોજિત એન.એસ.એસ. કેમ્પ દરમ્યાન જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગરના ઉપક્રમે એક કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં પી.એલ.વી. સર્વશ્રી સુધીરભાઈ દેસાઈ, જયરામભાઈ સોની તથા સીતારામભાઈ પટેલ દ્વારા મફત કાનૂની સહાય અને મહિલા અધિકાર અંગેના કાયદાકીય સમજ આપવામાં આવી હતી.

ઉમિયા ફાઉન્ડેશનનું ઉત્તરાયણ પર્વે કચરિયા-ચીકીનું વિતરણ

ગાંધીનગરના કેટલાક સેક્ટરો, ઘરડાઘર, મુકબધિર સ્કૂલના વિદ્યાર્થી, મંદબુદ્ધિના બાળકો તેમજ ઝુંપડપટ્ટી વિસ્તારમાં રહેતા બાળકોમાં ઉમિયા ફાઉન્ડેશન તરફથી તા. ૯-૧-૧૬ના રવિવારના રોજ કચરીયુ, ચીકીના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉમિયા ફાઉન્ડેશનના પ્રમુખ પંકજભાઈ પટેલ, પ્રિયંકભાઈ શાહ તેમજ ભરતભાઈ પટેલ, તુષારભાઈ પટેલની હાજરીમાં ઉત્તરાયણ પૂર્વે ઉત્તરાયણના ખાવામાં આવતી ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વિતરણ ખૂબજ ઉત્સાહસભર કરવામાં આવ્યું હતું. ઉમિયા ફાઉન્ડેશન તરફથી એમ્બ્યુલન્સ સેવા પણ ચાલુ કરવામાં આવી છે. જેમાં ઓક્સિજન, પલ્સ ઓક્સિમીટર તેમજ કાર્ડિયાક નોનીટરની સુવિધા પણ આપવામાં આવી છે. તો તેનો લાભ લેવા ફાઉન્ડેશન તરફથી સંપર્ક નંબર ૯૮૭૯૮૫૭૩૮૮, ૯૮૨૪૦૨૪૨૪૦ની વ્યવસ્થા કરાઈ છે. ઉમિયા ફાઉન્ડેશનના પ્રમુખ પંકજભાઈ પટેલના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં આવા જનહિતના કાર્યો સાથેના વધુ કેમ્પ હાથ ધરાશે.

'અનાસક્તિ યોગ' પુસ્તકનું વિમોચન કરતા રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૧૦

જીવન નિર્વાહની સાથોસાથ જીવન ન્યૂનત્તમ જરૂરીયાતથી કેવી રીતે જીવી શકાય તે 'અનાસક્તિ યોગ'માંથી શીખી શકાય છે. તેમ રાજયપાલશ્રી ઓ.પી.કોહલીએ જણાવ્યું છે.

ગાંધીનગર રાજભવન ખાતે રાજયપાલશ્રી ઓ.પી.કોહલીએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી લિખિત ગુજરાતી ભાષામાં 'અનાસક્તિ યોગ' પુસ્તકનું અમદાવાદ સંસ્કૃત સેવા સમિતિના અધ્યક્ષ

શ્રી ગૌતમભાઈ પટેલ દ્વારા સંસ્કૃત ભાષામાં અનુવાદિત પુસ્તક 'અનાસક્તિ યોગ' નું વિમોચન કરતા વધુમાં જણાવ્યું હતું કે આપણે એ દિશામાં આગળ વધવું જરૂરી છે કે જે દિશા 'અનાસક્તિ યોગ' પ્રાપ્ત થાય છે. ભગવત ગીતાના શ્લોક પરથી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ ૧૯૩૦માં 'અનાસક્તિ યોગ' પુસ્તક લખ્યું હતું. આ પુસ્તક હિન્દી અને બંગાળીમાં અનુવાદિત થઈ લખાયું હતું. આજે ૮૫ વર્ષ પછી આ પુસ્તક ડૉ. ગૌતમભાઈએ સંસ્કૃત ભાષામાં લખ્યું અને ઉત્તરાખંડ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત થયું છે, તે સરાહનીય છે તેમ કહી શ્રી ગૌતમભાઈની પ્રશંસા કરી હતી.

ઉત્તરાખંડ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.મહાવીર અગ્રવાલ, ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ ડૉ.અનામિક શાહે પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. આ પ્રસંગે સાબરમતી આશ્રમ સંગ્રહાલય ટ્રસ્ટના સચિવ શ્રી અમૃતભાઇ મોદી, ઈપ્કો પરિવાર ટ્રસ્ટ, નડિઆદના અધ્યક્ષ શ્રી દેવાંગ પટલ, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ ડૉ.અર્કનાદ ચૌધરી વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના ડૉ.હેતલબેન પંડયાએ રાષ્ટ્રીય સંસ્થા દિલ્હી તરફથી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં સફળ પ્રતિનિધિત્વ બદલ અને પ્રજ્ઞાચક્ષુ કલ્યાણ ભારત વર્ષ મુંબઈના પ્રો.ભાસ્કર મહેતાનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. સમારંભમાં સ્વાગત પ્રવચનમાં ડૉ.ગૌતમભાઈ પટેલે પુસ્તક વિશે માહિતી આપી હતી. અંતમાં આભાર વિધિ પ્રો. ડૉ.રવિન્દ્ર ખાંડવાળાએ કરી હતી.